એશિયામાં રશિયન ક્રૂડ ઓઈલ મેળવવા માટે દેશો વચ્ચે પડાપડી

ભારત, ચીન ઉપરાંત હવે ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ અને વિયેતનામ જેવા દેશો પણ રશિયન તેલ ખરીદી રહ્યા છે

રશિયાની પોતાની નિકાસ ક્ષમતા પર યુક્રેન સાથેના યુદ્ધ અને ડ્રોન હુમલાઓને કારણે મર્યાદા આવી ગઈ છે

બેંગકોક, તા. 31 (એપી): અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના એક મહિનાથી ચાલી રહેલા યુદ્ધે વિશ્વના તેલ પુરવઠાનો પાંચમો ભાગ રોકી દીધો છે, જેના કારણે એશિયાઈ દેશોમાં ઉર્જા સંકટ ઘેરું બન્યું છે.

હોર્મુઝની સામુદ્રધુની બંધ થવાને કારણે એશિયા તરફ આવતો તેલનો પુરવઠો ખોરવાયો છે. આ સ્થિતિમાં વૈશ્વિક પુરવઠો જાળવી રાખવા અમેરિકાએ રશિયન તેલ પરના પ્રતિબંધોમાં હળવાશ આપી છે, જેનો લાભ લેવા હવે એશિયાઈ દેશોમાં સ્પર્ધા જામી છે.

અત્યાર સુધી ચીન, ભારત અને તુર્કી રશિયન તેલના મુખ્ય ગ્રાહકો હતા. પરંતુ હવે ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ અને વિયેતનામ જેવા દેશોએ પણ રશિયન તેલમાં રસ દાખવ્યો છે.

ફિલિપાઈન્સે પાંચ વર્ષમાં પ્રથમવાર રશિયન ક્રૂડની આયાત કરી છે, કારણ કે ત્યાં પેટ્રોલ પંપો પર લાંબી કતારો જોવા મળી રહી છે. નિષ્ણાતોના મતે ફિલીપાઈન્સની સ્થિતિ દક્ષિણ એશિયા માટે ચેતવણી સમાન છે.

ભારત અને ચીનનો દબદબો

ભારત અને ચીન પાસે રશિયન તેલના જૂના ગ્રાહક હોવાનો મોટો ફાયદો છે. ભારતે અમેરિકી પ્રતિબંધોમાં મળેલી વહેલી છૂટનો લાભ ઉઠાવીને રશિયા પાસેથી તેલના મોટા કાર્ગો પહેલેથી જ બુક કરી લીધા છે. માર્ચમાં ભારતની રશિયન તેલની આયાત વધીને રોજના 19 લાખ બેરલ પર પહોંચી ગઈ છે, જે ઈરાન યુદ્ધ પહેલા 10 લાખ બેરલ હતી. તેમ છતાં, ઉનાળામાં વધતી માગ અને મધ્ય પૂર્વથી મળતા તેલમાં પડેલી ખોટને પૂરી કરવી ભારત માટે હજુ પણ એક પડકાર છે. ભારતને રોજની જરૂરિયાત આશરે 5.5 મિલિયનથી 6 મિલિયન બેરેલ ઓઈલની છે. નિષ્ણાતોના મતે, આ કટોકટીમાં રશિયા સૌથી મોટું વિજેતા બનીને ઉભર્યું છે. એશિયાઈ દેશો અત્યારે નૈતિકતા કરતા પોતાની 'ઉર્જા સુરક્ષા'ને વધુ પ્રાધાન્ય આપી રહ્યા છે અને ગમે તે ભોગે તેલનો પુરવઠો સુનિશ્ચિત કરવા માગે છે.

ચીન-પાકિસ્તાને પશ્ચિમ એશિયા માટે શાંતિ યોજના રજૂ કરી

પશ્ચિમ એશિયામાં શાંતિ અને સ્થિરતા ફરી સ્થાપિત કરવા માટે પાંચ મુદ્દાનો પ્રસ્તાવ રજૂ કર્યો, યુએન ચાર્ટરની સર્વોપરિતા પર ભાર

બેઈજિંગ, તા. 31(PTI): ચીન અને પાકિસ્તાને મંગળવારે પશ્ચિમ એશિયાના યુદ્ધને સમાપ્ત કરવા માટે પાંચ મુદ્દાનો શાંતિ પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેમાં હોર્મુઝની સામુદ્રધુની દ્વારા જહાજોના સુરક્ષિત માર્ગ માટેની હાકલ કરવામાં આવી છે. ચીનના વિદેશ મંત્રી વાંગ યી અને મુલાકાતે આવેલા પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી ઈશાક ડાર વચ્ચે ઈરાનની સ્થિતિ અંગેની મંત્રણા બાદ આ શાંતિ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.

ડાર અહીં વાંગને તુર્કી, ઈજિપ્ત અને સાઉદી અરેબિયાના વિદેશ મંત્રીઓ સાથેની તેમની તાજેતરની વાતચીત વિશે માહિતી આપવા આવ્યા હતા, જેનો હેતુ ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવા માટે અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટોને પ્રોત્સાહન આપવાનો હતો. ડાર-વાંગ મંત્રણા પછી, બંને દેશોએ ખાડી ક્ષેત્ર અને પશ્ચિમ એશિયામાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવા તેમજ સામુદ્રધુની દ્વારા સુરક્ષિત માર્ગ માટે પાંચ પ્રસ્તાવો રજૂ કર્યા હતા.

આ પ્રસ્તાવોમાં દુશ્મનાવટનો તાત્કાલિક અંત, શક્ય તેટલી વહેલી તકે શાંતિ મંત્રણાની શરૂઆત, બિન-લશ્કરી લક્ષ્યોની સુરક્ષા અને નેવિગેશનની સલામતી સુનિશ્ચિત કરવી અને સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરની સર્વોપરિતાનું રક્ષણ કરવાનો સમાવેશ થાય છે. મંત્રણા બાદ જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, હોર્મુઝની સામુદ્રધુની અને તેના નજીકના જળક્ષેત્રો માલસામાન અને ઊર્જા માટેનો એક મહત્વપૂર્ણ વૈશ્વિક વહાણવટા માર્ગ છે.

રશિયન ઓઈલ લઈને ખાસ જહાજ ક્યુબા આવી પહોંચ્યું

હવાના, તા. 31(એપી): રશિયન જહાજ 'એનાટોલી કોલોડકિન' મંગળવારે ક્યુબાના માટાન્ઝાસ બંદરે 7,30,000 બેરલ તેલ સાથે લાંગર્યું હતું. છેલ્લા ત્રણ મહિનામાં આ પ્રથમ વખત છે જ્યારે કોઈ ઓઈલ ટેન્કર આ ટાપુ રાષ્ટ્ર સુધી પહોંચ્યું છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે ચાલુ ઊર્જા નાકાબંધી હોવા છતાં આ શિપમેન્ટને આગળ વધવાની મંજૂરી આપી હતી. ઊર્જા અને ખાણ મંત્રી વિસેન્ટે ડી લા ઓ લેવી સહિત ક્યુબાના નાગરિકોએ જહાજના આગમનને ઉત્સાહભેર વધાવ્યું હતું. પેટ્રોલિયમની અછતને કારણે દેશમાં ઊંડી આર્થિક કટોકટી સર્જાઈ છે, જેના લીધે જનતા લાંબા પાવર કટ અને ખોરાક તેમજ દવાઓની ભારે અછતનો સામનો કરી રહી છે. ડી લા ઓ લેવીએ 'X' પર લખ્યું હતું કે, રશિયાની સરકાર અને ત્યાંના લોકો દ્વારા અમને જે સમર્થન મળી રહ્યું છે તે માટે અમે આભારી છીએ.

અમેરિકામાં ગેલનદીઠ પેટ્રોલના ભાવ 4 ડોલરને વટાવી ગયા

ગેલન દીઠ 4.02 ડોલરનો ભાવ અમેરિકામાં 2022 પછી સૌથી ઉંચી ભાવસપાટી

પેટ્રોલના વધતા ભાવ અન્ય ચીજવસ્તુઓના ભાવો પર પણ અસર કરવા માંડ્યા

કિંમતો ઘટાડવા માટે અનામત તેલના ભંડાર ખોલવામાં આવ્યા

રાહતની શોધમાં, ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) એ સભ્ય દેશોના કટોકટીના ભંડારમાંથી 400 મિલિયન બેરલ તેલ મુક્ત કરવાનો નિર્ણય લીધો છે. ટ્રમ્પ દ્વારા શરૂઆતમાં અનામત તેલની જરૂરિયાતને ઓછી આંકવામાં આવી હોવા છતાં આમાં અમેરિકાનો પણ સમાવેશ થાય છે. ટ્રમ્પ વહીવટીતંત્રે વેનેઝુએલા અને અસ્થાયી ધોરણે રશિયા પાસેથી તેલ મેળવવા માટે પ્રતિબંધોમાં ઢીલ આપી છે. વ્હાઇટ હાઉસે એમ પણ જણાવ્યું છે કે તેઓ 'જોન્સ એક્ટ' તરીકે ઓળખાતા સદી જૂના દરિયાઈ શિપિંગ કાયદાની જરૂરિયાતોને 60 દિવસ માટે મોકૂફ રાખી રહ્યા છે.

ન્યૂયોર્ક, તા. 31(AP) : ઈરાન યુદ્ધને કારણે વિશ્વભરમાં ઈંધણના ભાવમાં થયેલા તોતિંગ વધારા વચ્ચે મંગળવારે અમેરિકામાં ગેસ(પેટ્રોલ) ના ભાવ 2022 પછી પ્રથમ વખત સરેરાશ 4 યુએસ ડોલર પ્રતિ ગેલનને પાર કરી ગયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે અમેરિકામાં પેટ્રોલને ગેસોલીન કહેવામાં આવે છે અને બોલચાલની ભાષામાં ગેસ પણ કહેવામાં આવે છે.

મોટર ક્લબ AAA અનુસાર, રેગ્યુલર ગેસોલિનનો રાષ્ટ્રીય સરેરાશ ભાવ હવે 4.02 યુએસ ડોલર પ્રતિ ગેલન છે. જે યુદ્ધ શરૂ થયા પહેલાના ભાવ કરતા એક ડોલરથી પણ વધુ છે. છેલ્લે લગભગ ચાર વર્ષ પહેલાં રશિયાના યુક્રેન પરના આક્રમણ સમયે અમેરિકી વાહનચાલકોએ સામૂહિક રીતે આટલી મોટી કિંમત ચૂકવવી પડી હતી. આ એક રાષ્ટ્રીય સરેરાશ ભાવ છે, જેનો અર્થ છે કે કેટલાક રાજ્યોમાં ડ્રાઇવરો છેલ્લા ઘણા સમયથી 4 ડોલર કરતા પણ વધુ કિંમત ચૂકવી રહ્યા છે. પુરવઠાની નિકટતા અને ટેક્સના અલગ-અલગ દરો જેવા પરિબળોને કારણે દરેક રાજ્યમાં કિંમતો અલગ-અલગ હોય છે. 28 ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન વિરુદ્ધ સંયુક્ત યુદ્ધ શરૂ કરવામાં આવ્યું ત્યારથી ક્રૂડ ઓઈલના ભાવમાં ઝડપથી ઉછાળો અને વધઘટ આવી છે. આનું કારણ એ છે કે સંઘર્ષને લીધે સપ્લાય ચેઈનમાં મોટું વિઘ્ન આવ્યું છે અને મધ્ય પૂર્વના મુખ્ય તેલ ઉત્પાદક દેશો દ્વારા ઉત્પાદનમાં કાપ મુકાયો છે. વિશ્વભરના વાહનચાલકો પણ આ યુદ્ધને કારણે વધેલા ભાવનો સામનો કરી રહ્યા છે. ઉદાહરણ તરીકે, પેરિસમાં ગેસની કિંમત 2.34 યુરો પ્રતિ લિટર (2.68 યુએસ ડોલર) છે, જે આશરે 10.27 યુએસ ડોલર પ્રતિ ગેલન જેટલી થાય છે. મોંઘો ગેસ અર્થતંત્રને નુકસાન પહોંચાડી શકે છે અને અન્ય ચીજોના ભાવ વધારી શકે છે. ગેસના વધતા ભાવની અસર ગ્રાહકો અને વ્યવસાયો પર પડી રહી છે.

પેજ 3

પૂનમ પાંડેએ બેબી બમ્પ સાથે તસવીરો શેર કરી, યુઝર્સે તેને નૌટંકી ગણાવી

મુંબઈ, તા. 31 : એક્ટ્રેસ પૂનમ પાંડેએ પોતાની પ્રેગ્નન્સીની જાહેરાત કરીને એકવાર ફરી ઇન્ટરનેટ પર હલચલ મચાવી દીધી છે. ઘણા નેટિઝન્સ અટકળો લગાવી રહ્યા છે કે, આ એક પબ્લિસિટી સ્ટંટ હોઈ શકે છે. પૂનમે મંગળવારે ઇન્સ્ટાગ્રામ પર પોતાની બે તસવીરો શેર કરી. પહેલી તસવીરમાં તે પોતાની ટી-શર્ટ ઉપર કરીને પોતાનો બેબી બમ્પ બતાવી રહી છે, જ્યારે બીજી તસવીરમાં તે ટી-શર્ટ નીચે કરીને કેમેરા સામે પોતાનો બેબી બમ્પ બતાવી રહી છે. જોકે, લોકોને હજી પણ વિશ્વાસ નથી થઈ રહ્યો કે પૂનમ પ્રેગ્નેન્ટ છે. સૂત્રોએ જણાવ્યું છે કે, આ એપ્રિલ ફૂલની મજાક હોઈ શકે છે.

મલાઇકા અરોરા હર્ષ મહેતા સાથે રાજસ્થાનના મંદિરે પહોંચતા નવી ચર્ચાઓ તેજ

મુંબઈ, તા. 31 : અર્જુન કપૂર સાથેના બ્રેકઅપ બાદ મલાઇકા અરોરાનું અંગત જીવન સતત ચર્ચામાં રહ્યું છે. હવે ફરી એકવાર અભિનેત્રીની સોશિયલ મીડિયા પર હર્ષ મહેતા સાથે રાજસ્થાનમાં મંદિરની મુલાકાતની તસવીરો સામે આવ્યા બાદ ચર્ચાઓ તેજ બની છે, જેનાથી તેના રિલેશનશિપ સ્ટેટસને લઈને નવી અટકળો વહેતી થઈ છે. મલાઇકાએ રવિવારે હર્ષ મહેતા સાથે રાજસ્થાનમાં આદિનાથ જૈન મંદિરની મુલાકાત લીધી હતી. આ આધ્યાત્મિક મુલાકાત માટે તેણે સાદો લુક રાખ્યો હતો. મલાઇકાએ સફેદ રંગનો કુર્તો પસંદ કર્યો હતો, જ્યારે હર્ષ વાદળી રંગના શર્ટમાં જોવા મળ્યો હતો.

સારા અલી ખાને મુંબઈના અંધેરી સ્થિત પોતાનો બંગલો કુલ રૂ. 4.14 કરોડના ભાડે આપ્યો

મુંબઈ, તા. 31 : પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજોના આધારે સીઆરઈ મેટ્રિક્સ દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, બોલિવૂડ અભિનેત્રી સારા અલી ખાને અંધેરી વેસ્ટમાં આવેલો તેનો બંગલો પાંચ વર્ષ માટે કુલ રૂ. 4.14 કરોડના ભાડે આપ્યો છે, જેનું શરૂઆતી માસિક ભાડું રૂ.6.5 લાખ છે. સીઆરઈ મેટ્રિક્સના જણાવ્યા અનુસાર, ભાડૂત 'પ્રોડિજી મોન્ટેસરી ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ' આ પરિસરનો ઉપયોગ ખાસ કરીને શાળા સંબંધિત પ્રવૃત્તિઓ ચલાવવા અને સંચાલન કરવા માટે કરશે. આ પ્રોપર્ટી ઓલ્ડ લોખંડવાલા કોમ્પ્લેક્સમાં આવેલી બેલસ્કોટ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં સ્થિત છે અને આ વ્યવહાર 27 માર્ચના રોજ નોંધવામાં આવ્યો હતો.

ભારતીય ટેનિસ લેજેન્ડ લિએન્ડર પેસ ભાજપમાં જોડાયા

પેસ રમતગમત, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ દ્વારા યુવાનોને સશક્ત બનાવવા માગે છે

નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ): પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પહેલાં ભારતીય ટેનિસના દિગ્ગજ ખેલાડી લિએન્ડર પેસ મંગળવારે સત્તાવાર રીતે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) માં જોડાયા છે. 52 વર્ષીય પેસે કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુ અને સુકાંત મજૂમદારની હાજરીમાં પક્ષનું સભ્યપદ મેળવ્યું હતું.

આ પ્રસંગે પેસે જણાવ્યું હતું કે, ભાજપમાં જોડાવું એ માત્ર ઔપચારિકતા નથી પણ રાષ્ટ્રની સેવા કરવાની એક મોટી જવાબદારી છે.

નોંધનીય છે કે પેસ અગાઉ 2021માં તૃણમૂલ કોંગ્રેસમાં જોડાયા હતા.

ચીનમાં ૫૦૦૦ ફૂટની ઉંચાઇએ ૫૫૦ ફૂટ લાંબી આકાશી સીડી !

શાંઘાઇ, તા. ૩૧: શું તમે ક્યારેય કોઈ સીધા ચઢાણવાળી ભેખડની ધાર પર ઊભા રહીને, ચહેરા પર અથડાતા પવન અને તમારી નીચે ફેલાયેલી દુનિયાનો અનુભવ કર્યો છે? ચીનમાં તાજેતરમાં બનાવાયેલ ખીણ પર લટકતો દાદર-પુલ કદાચ તમારા આ સપનાને સાકાર કરી શકે છે.

'તિયાન્ટી' (Tianti) તરીકે ઓળખાતી આ સીડી, જેનો શાબ્દિક અર્થ આકાશી સીડી થાય છે, તે બે ઊંચી ટેકરીઓ વચ્ચે 5,000 ફૂટની શ્વાસ થંભાવી દે તેવી ઊંચાઈ પર 550 ફૂટ (168 મીટર) સુધી ફેલાયેલી છે.

ચીની સ્ટેટ મીડિયા અનુસાર, હુનાન પ્રાંતના જંગલી પહાડોમાં આવેલા ઝાંગજિયાજી નેચર પાર્કમાં આ એક નવું સાહસિક આકર્ષણ છે જે પ્રવાસીઓને આકર્ષી રહ્યું છે. આમાં એવું તો ખાસ શું છે? વાસ્તવમાં, આ કોઈ સામાન્ય પદયાત્રા નથી. તિયાન્ટી એ 'વાય ફેરાટા' શૈલીનો ક્લાઇમ્બિંગ રૂટ છે. આનો અર્થ એ છે કે ખડકો પર સ્ટીલના હેન્ડરેલ, સુરક્ષિત ફૂટરેસ્ટ, કેબલ અને ટેઘર્સ લગાવવામાં આવ્યા છે, જેથી સાહસિકો જંગલની સપાટીથી માઇલો ઉપર લટકતી ભેખડ પર સુરક્ષિત રીતે આગળ વધી શકે. જોકે અહીં સુરક્ષાના સાધનો આપવામાં આવે છે અને માર્ગદર્શકો સતત નજર રાખે છે, તેમ છતાં આ નબળા હૃદયના લોકો માટે તો નથી જ. એક અહેવાલ પ્રમાણે દરરોજ ૧૨૦૦ જેટલા લોકો આ સ્કાયલેડરનો આનંદ માણે છે.

હવાઈ દળ રૂ. ૧૯૫૦ કરોડના ખર્ચે બે માઉન્ટેન રડાર ખરીદશે

નવી દિલ્હી, તા. 31(PTI) સંરક્ષણ મંત્રાલયે મંગળવારે ભારતીય વાયુસેના માટે બે માઉન્ટેન રડાર (પર્વતીય વિસ્તારો માટેના રડાર) અને તેને લગતી માળખાગત સુવિધાઓની ખરીદી માટે જાહેર ક્ષેત્રની કંપની ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL) સાથે 1,950 કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ રડારના ઈન્સ્ટોલેશન અને કાર્યરત થવાથી દેશના હવાઈ સંરક્ષણને વેગ મળશે અને રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત થશે. વધુમાં ઉમેર્યું હતું કે આ ખરીદીથી વિદેશી સાધનો પરની નિર્ભરતામાં પણ ઘટાડો થશે. સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, સંરક્ષણ મંત્રાલયે ભારતીય વાયુસેના માટે આશરે 1,950 કરોડના ખર્ચે બે માઉન્ટેન રડાર, તેની સાથે સંકળાયેલા સાધનો અને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ખરીદી માટે ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL) સાથે મોટો મૂડી ખરીદી કરાર કર્યો છે. આ માઉન્ટેન રડાર DRDO (ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન) ની ઈલેક્ટ્રોનિક્સ એન્ડ રડાર ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ દ્વારા સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસાવવામાં આવ્યું છે અને તેનું ઉત્પાદન BEL દ્વારા કરવામાં આવશે.

એપ્રિલના અંતે બ્રિટનના રાજા ચાર્લ્સ અમેરિકા જશે: ઘરઆંગણે કચવાટ

અમેરિકી પ્રમુખ ટ્રમ્પ બ્રિટનની ઠેકડીઓ ઉડાવી રહ્યા હોવાથી રાજાની આ મુલાકાત રદ કરવા બ્રિટિશ સાંસદોની માગ

લંડન, તા. ૩૧(AP): અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન સામેના યુદ્ધમાં સમર્થન ન આપવા બદલ બ્રિટિશ સરકારની વારંવાર કરવામાં આવતી ટીકાઓ છતાં, કિંગ ચાર્લ્સ તૃતીય આવતા મહિને અમેરિકાની તેમની રાજકીય મુલાકાત બાબતે આગળ વધી રહ્યા છે. બકિંગહામ પેલેસે મંગળવારે જણાવ્યું હતું કે, રાજા અને રાણી કેમિલા અમેરિકાની આઝાદીની ૨૫૦મી વર્ષગાંઠની ઉજવણી માટે એપ્રિલના અંતમાં અમેરિકાનો પ્રવાસ કરશે.

ટ્રમ્પે આ મુલાકાત માટે ૨૭ થી ૩૦ એપ્રિલની તારીખો નક્કી કરી છે. ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' પર જણાવ્યું હતું કે, હું રાજા સાથે સમય વિતાવવા માટે આતુર છું, જેમના પ્રત્યે મને ખૂબ માન છે. આ મુલાકાત શાનદાર રહેશે! આ મુલાકાત સપ્ટેમ્બરમાં ટ્રમ્પની યુકેની રાજકીય મુલાકાત બાદ યોજાઈ રહી છે, જે એક ભવ્ય પ્રસંગ હતો. તે સમયે આ મુલાકાતને રાષ્ટ્રપતિની 'અમેરિકા ફર્સ્ટ' નીતિઓ વચ્ચે બંને દેશો વચ્ચેના કહેવાતા 'ખાસ સંબંધો'ને મજબૂત કરવાના બ્રિટનના પ્રયાસ તરીકે જોવામાં આવી હતી. જો કે, આનાથી ટ્રમ્પ અટક્યા નથી અને તેમણે ઈરાન વિરુદ્ધના આક્રમક ઓપરેશન માટે બ્રિટિશ સૈન્ય મથકોનો ઉપયોગ કરવાની મંજૂરી ન આપવા બદલ યુકેને ખરું-ખોટું સંભળાવ્યું છે. તેમણે વડાપ્રધાન કીર સ્ટાર્મર પર વારંવાર પ્રહારો કરતા એક તબક્કે એમ પણ કહ્યું હતું કે તેઓ વિન્સ્ટન ચર્ચિલ નથી.

આ બાબતને કારણે સંસદના કેટલાક સભ્યોએ માંગ કરી હતી કે સ્ટાર્મર આ મુલાકાત રદ કરે, જેથી બ્રિટનનો અણગમો વ્યક્ત કરી શકાય અને તણાવના આ સમયમાં રાજાએ કોઈ અસહજ સ્થિતિનો સામનો ન કરવો પડે. વિરોધ પક્ષ લિબરલ ડેમોક્રેટ્સના નેતા એડ ડેવીએ મંગળવારે કહ્યું કે, આ મુલાકાતને મંજૂરી આપીને સ્ટાર્મરે ઘણી નબળાઈ બતાવી છે. તેમણે ઉમેર્યું કે, ટ્રમ્પે આપણી રોયલ નેવીને 'રમકડું' કહીને હસી કાઢી હોવા છતાં રાજાને ત્યાં મોકલવા એ એક અપમાન છે અને તે દર્શાવે છે કે સરકાર જોહુકમી કરનારાઓ સામે ઊભા રહેવા માટે ખૂબ નબળી છે.

આવકવેરા વિભાગ દ્વારા વર્ષ 2026-27 માટે તમામ ITR ફોર્મ જાહેર

હવે કરદાતાઓ બે મકાન મિલકતમાંથી થતી આવકને પણ આઈટીઆર-1 ફોર્મમાં દર્શાવી શકશે

જે કરદાતાઓના ખાતાનું ઓડિટ કરાવવું જરૂરી નથી, તેમના માટે રિટર્ન ભરવાની છેલ્લી તારીખ 31 જુલાઈ છે

નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ): આવકવેરા વિભાગે આકારણી વર્ષ 2026-27 માટે તમામ ઈન્કમ ટેક્સ રિટર્ન (આઈટીઆર) ફોર્મ સૂચિત કરી દીધા છે. નાના અને મધ્યમ કરદાતાઓ માટેના આઈટીઆર-1 અને 4 ફોર્મ 30 માર્ચે જાહેર કરાયા હતા, જ્યારે મંગળવારે આઈટીઆર-2, 3, 5, 6, 7 અને અપડેટેડ રિટર્ન માટેનું આઈટીઆર-યુ ફોર્મ પણ જાહેર કરી દેવામાં આવ્યું છે.

આ સાથે જ વ્યક્તિગત કરદાતાઓ અને વ્યવસાયિક સંસ્થાઓ નાણાકીય વર્ષ 2025-26માં થયેલી કમાણીનું રિટર્ન ભરવાનું શરૂ કરી શકશે. જે કરદાતાઓના ખાતાનું ઓડિટ કરાવવું જરૂરી નથી, તેમના માટે રિટર્ન ભરવાની છેલ્લી તારીખ 31 જુલાઈ છે. આકારણી વર્ષ 2026-27 માટે આઈટીઆર-1 ફોર્મનો વ્યાપ વધારવામાં આવ્યો છે. હવે કરદાતાઓ 2 મકાન મિલકતમાંથી થતી આવક આ ફોર્મમાં દર્શાવી શકશે. અગાઉ આ મર્યાદા માત્ર 1 મકાન મિલકત સુધી જ સીમિત હતી.

આવકવેરા વિભાગે સ્પષ્ટતા કરી છે કે તેમનું ઈ-ફાઈલિંગ પોર્ટલ જૂના અને નવા બંને ઈન્કમ ટેક્સ એક્ટ હેઠળ પાલનની સુવિધા આપશે. અગાઉના વર્ષોના આકારણી, અપીલ અને અન્ય કાર્યવાહીઓ તેમના અંતિમ ઉકેલ સુધી જૂના એક્ટ હેઠળ જ ચાલુ રહેશે.

જુલાઈ 2026માં આકારણી વર્ષ 2026-27 માટે જે કરદાતાઓ રિટર્ન ફાઈલ કરશે, તેઓ જૂના એક્ટ હેઠળ નિર્ધારિત ફોર્મ્સનો જ ઉપયોગ કરશે.

TORRENT POWER LIMITED

"Samanvay", 600 Tapovan, Ambawadi, Ahmedabad – 380015

PUBLIC NOTICE

Torrent Power Limited (TPL) filed its petition vide Case No. 2586/2025 before the Hon'ble Gujarat Electricity Regulatory Commission for truing up of FY 2024-25, Determination of Revised ARR for FY 2026-27 and determination of tariff for FY 2026-27 for Surat License Area.

The Hon'ble Commission has issued its order dated 25th March, 2026 for the consumers of electricity supplied by TPL in Surat license area. The revised rates shall be applicable for the electricity consumption from 1st April, 2026 onwards. For detailed Tariff Order, please visit the websites of TPL (www.torrentpower.com) or Hon'ble Commission (www.gercin.org). There is no change in tariff schedule except TOU and rebate during solar hours. The key changes are as under:

Peak hours for ToU charges : The Peak hours for ToU charges are revised as 6:00 am to 8:00 am and 5:00 pm to 11:00 pm for HTMD-1, HTMD-2, HTMD-3 and HTMD-Metro traction categories.

Solar hours Rebate : The rebate at the rate of 30 paise per kWh will be provided for energy consumed during solar hours between 11:00 am to 03:00 pm to HTMD-1, HTMD-2 and HTMD-Metro traction categories. Rebate for energy consumption during night-time is discontinued for above mentioned categories.

OPEN ACCESS CHARGES: The open access charges are as under:

- **Wheeling Charges**
  - HT Rs. 0.73/kWh
  - LT Rs. 1.14/kWh
- **Wheeling loss**
  - HT 2.50%
  - LT 2.85%
- **Cross Subsidy Surcharge (in Rs./kWh) -**
  - HTMD-1 1.05
  - HTMD-2 0.93
  - HTMD-Metro 0.40
  - NRGP 0.07
  - LTMD 1.00

Base Fuel and Power Purchase Adjustment Surcharge (FPPAS) : Rs. 2.44/kWh

Fuel and Power Purchase Adjustment charges (FPPAS) : FPPAS shall be levied on monthly basis as per the FPPAS formula specified by Hon'ble GERC in the order dated 25th March, 2026.

Green Tariff: Green Tariff of Rs 0.75 / kWh will be applicable over and above applicable tariff as per the relevant tariff category for consumers opting for green energy.

In case of any inconsistency in the notice vis-à-vis Hon'ble Commission's Order in Case No. 2586/2025 dated 25th March, 2026, the later will prevail.

Torrent Power Limited
"Samanvay", 600, Tapovan,
Ambawadi, Ahmedabad 380015
CIN : L31200GJ2004PLC044068
Dt: 31st March, 2026

For **Torrent Power Limited**
Sd /-
Authorized Signatory

વિમાનના એન્જિનમાં અદ્ધર આકાશે ધડાકા સાથે આગ

આશરે 4,500 ફૂટની ઊંચાઈએ એન્જિનમાં ધડાકા સાથે આગ લાગી, પાયલોટે ઇમરજન્સી લેન્ડિંગ કર્યું, તમામ મુસાફરોનો આબાદ બચાવ

બ્રાઝિલિયા, તા. 31: બ્રાઝિલના સાઓ પાઉલો એરપોર્ટ પરથી ટેક-ઓફ કરતી વખતે ડેલ્ટા એરલાઈન્સની ફ્લાઈટ ડીએલ 104ના ડાબા એન્જિનમાં અચાનક આગ ફાટી નીકળતા મુસાફરોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. આ પ્લેન એટલાન્ટા જઈ રહ્યું હતું અને તેમાં 272 મુસાફરો તથા 14 ક્રૂ મેમ્બર સવાર હતા.

એરબસ એ330-300ના એન્જિનમાંથી આગની જ્વાળાઓ નીકળતા પાયલોટે તાત્કાલિક 'મે-ડે' જાહેર કરી ઇમરજન્સી લેન્ડિંગ કર્યું હતું. પ્લેન આશરે 4,500 ફૂટની ઊંચાઈએ હતું ત્યારે આ યાંત્રિક ખામી સર્જાઈ હતી. એરપોર્ટ પર વિમાન લેન્ડ થતાં જ ફાયર ફાઈટરો દ્વારા આગ બુઝાવવામાં આવી હતી અને તમામ મુસાફરોને બસ દ્વારા ટર્મિનલ પર લાવવામાં આવ્યા હતા. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈને ઈજા થઈ નથી. એરલાઈન્સે આ મામલે માફી માગી છે અને તપાસ શરૂ કરી છે. વિમાનના એક મુસાફરે જોરદાર ધડાકા સાથે એન્જિનમાં લાગેલી આગની ઘટનાને પોતાના મોબાઈલમાં શૂટ કરેલો વીડિયો શેર કર્યો.

અવકાશમાં કચરો સાફ કરવા બે ભારતીય સ્ટાર્ટઅપ્સ વચ્ચે જોડાણ

બંને કંપની અવકાશમાં નિષ્ક્રિય થયેલા ઉપગ્રહો અને માનવ નિર્મિત કચરાને દૂર કરવાની ટેકનોલોજી વિકસાવશે

નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ): અવકાશમાં નિષ્ક્રિય થયેલા ઉપગ્રહો અને માનવ નિર્મિત કચરાને દૂર કરવાની ટેકનોલોજી વિકસાવવા માટે ભારતના બે અગ્રણી સ્પેસ સ્ટાર્ટઅપ્સે હાથ મિલાવ્યા છે. બેંગલુરુ સ્થિત સ્પેસક્રાફ્ટ ઉત્પાદક પિક્સેલ અને હૈદરાબાદ સ્થિત કોસ્મોસર્વ વચ્ચે મંગળવારે આ ભાગીદારીની જાહેરાત કરવામાં આવી હતી. આ જોડાણ હેઠળ, પિક્સેલ તેના આગામી મિશન માટે કોસમોસર્વને 'સેટેલાઈટ બસ' (સેટેલાઈટ પ્લેટફોર્મ) પૂરી પાડશે. સેટેલાઈટ બસ એ ઉપગ્રહનો મુખ્ય ભાગ છે જે મિશનના ઉદ્દેશ્યો પૂરા કરવા માટે જરૂરી સેવાઓ પૂરી પાડે છે.

કોસ્મોસર્વ આ પ્લેટફોર્મ પર પોતાની માલિકીની 'ડેબ્રિસ કેપ્ચર' (કચરો પકડવાની) અને રિમૂવલ સિસ્ટમનું પરીક્ષણ કરશે. પિક્સેલના સીઈઓ અવૈસ અહેમદે જણાવ્યું હતું કે, જવાબદારીપૂર્વક અવકાશનો ઉપયોગ કરવા માટે આ કચરો સાફ કરવો જરૂરી છે. કોસ્મોસર્વના સીઈઓ ડો. ચિરંજીવી ફણીદ્ર બી.એ પિક્સેલના એન્જિનિયરિંગ કૌશલ્ય પર વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે આ ભાગીદારીથી મિશનની સફળતાની શક્યતા વધી જશે.